# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬/ક્વા-૨/૧૯-૨૦/૫૩૮૪–૫** **તા.૦૮–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૬/ક્વા-૨/૧૯-૨૦**

અરજદાર: સેનીસ સિરામિક્સ પ્રા. લી. ગામ: ઘૂંટુ
રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે વિમલ મારવાણીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - મોરબી
રજૂઆત કરનાર: **શ્રી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર – વિભાગીય કચેરી મોરબી**
**અને શ્રી જી.એલ.પરમાર (એસ.એ.રેવન્યુ) – વિભાગીય કચેરી**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૩૦-૦૭-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૩૦-૦૭-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ Applicant having HT Connection of 900 KVA bearing consumer No.26361 having unit at 8-A NH, lakhadhirpur Road, Morbi. This connection was released on dated 07/01/2008 having Contract Demand of 275 KVA then after on dated 30/06/2011 Load enhanced from 275 KVA to 400 KVA. On dated 02/05/2016 further enhanced load from 400 KVA to 490 KVA. Lastly load enhanced on dated 30/04/2018 from 490 KVA to 900 KVA.

During last one year in ceramic industries fast modernization in ceramic products and machinery is available to consume less power due to change in machinery in plant. Accordingly applied load reduction of 370 KVA (From 900 KVA to 530 KVA) applications to Executive Engineer PGVCl Morbi on dated 19/01/2019. But request for reduction of load is rejected by Executive Engineer PGVCl Morbi, as per supply code 4 of 2015 clause no. 4.102 and as per agreement executed by us on dated 12.2.2018 while enhancing load from 490 kva to 900 kva, as per column no. 3(b) as it is not completed two years period.

As per Supply code column no. 4.102 :

If any consumer terminates his Agreement within period of 2 years of commencement of new or additional supply (or where no formal Agreement is tendered, if the Supply is not utilized for the period of 2 years which would have been applicable if an agreement has been tendered, he shall be liable to pay the minimum charges for each month the short of the period of 2 specified in the agreement or the stipulated period of 2 years in absence of any formal agreement. Reduction of load to the tune of 10% of the sanctioned load specified in the agreement (formal or informal) should be allowed after one year after the date of agreement without recovering minimum charges for such reduced load for the period short of the period of 2 years.

But there was revision in the above supply code No. 4/2015, clause no. 4.84 which came into effect on 24/09/2015, which is stated below and our load reduction request should be considered as per that:

1. Pay additional security deposit, cost of addition or alteration required to be made to the system,if any, and system strengthening charges I capacity building charges I if any , within 30 working days of receipt of the demand note; and
2. As per executed a supplementary agreement for the additional load.

Out of total load of 900 KVA only 410 KVA load extension has not completed the minimum period of 2 years. The remaining load of 490 KVA has already completed the minimum period of 2 years and therefore it is entitled for reduction of load as applied on dated 19/01/2019. Hence the application dated 19/01/2019 for reduction of load from 900 KVA to 530 KVA is wrongly rejected by Executive Engineer PGVCL Morbi.

Applicant last agreement executed with PGVCL was on dated 12.2.2018 for enhancement of load from 490 KVA to 900 KVA and at this time revised supply code was effective. As per clause No. 4.84 of revised supply code 4/2015 a supplementary agreement for the additional load of 410 KVA should be executed, instead of that agreement was executed for 900 KVA which is quiet contradictory with clause No. 4.84{2}.

Applicant has executed an agreement with PGVCL for our load extension from 400 KVA to 490 KVA on dated 2.5.2016. At this time the supply code 4/2015 was in force and as per the provision of supply code we have executed agreement with the PGVCL for the period of two years. The period of two years completed on 2.5.2018 for this load extension. So our request for load reduction of 370 KVA (from 900 KVA to 530 KVA) is to be considered by PGVCL as two years is already completed as per supply code 4/2015. So you are requested to register our application and give justice to us and approve our load reduction demand effective from date 19/01/2019.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી સેનીક્સ સિરામીક પ્રા.લી.ગ્રાહકનં. ૨૬૩૬૧ કે.વી.એ. ૯૦૦ ડેઈટ ઓફ કનેક્શન તા. ૦૭.૦૧.૨૦૦૮ છે. (૧) ગ્રાહક દ્વારા નવું કનેક્શન ૨૭૫ કેવિએ. નુ માંગવામાં આવેલ હતું. તા.૦૭.૧૦.૨૦૧૧ માં લોડ વધારો ૨૭૫ થી ૪૦૦ કરવામાં આવેલ છે. ત્યાર બાદ તા. ૦૨.૦૫.૨૦૧૬ માં ૪૦૦ થી ૪૯૦ કેવિએ નો લોડ વધારો કરવામાં આવેલ છે. અને તા. ૩૦.૦૪.૨૦૧૮ થી ૪૯૦ થી ૯૦૦ કેવિએ નો લોડ વધારો કરવામાં આવેલ હતો.

**૩.૧ ગ્રાહક દ્રારા છેલ્લો લોડ વધારા ની અરજી સમયે તા. ૧૨.૦૨.૨૦૧૮ ના રોજ ૪૯૦+૪૧૦=૯૦૦ કે.વી.એ. નો એગ્રિમેન્ટ કરવામાં આવેલ છે તે મુજબ લોડ વધારો ૩૦.૦૪.૨૦૧૮ ના રોજ રિલીઝ કરવામાં આવેલ છે. એગ્રિમેન્ટ ની શરત નં. ૩ મુજબ આ એગ્રિમેન્ટ ૨ વર્ષ માટે કરવામાં આવેલ છે . જેથી ૨ વર્ષ લોડ વધારા ને પુરા થયેલ ન હોય લોડ ઘટાડો કરી શકાય નહિ.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **શ્રી સેનીક્સ સિરામીક પ્રા.લી. ગ્રાહકનં. ૨૬૩૬૧- કે.વી.એ ૨૭૫ - તા. ૦૭.૦૧.૨૦૦૮ થી રીલીઝ કરાયેલ છે.** સદર વીજજોડાણમાં અરજદાર ની વીજભાર વધારા ની અરજી અન્વયે વીજભાર વધારો નીચે પ્રમાણે મંજુર કરેલ છે.

| વીજભાર વધારો મંજુર કરાયેલ તારીખ | કરાયેલ વીજભાર વધારો (કે.વી.એ.) | વીજભાર વધારાની ૦૨ વર્ષ ની મુદત પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| તા.૦૭–૧૦–૨૦૧૧ | ૧૨૫ (કુલ ૪૦૦) | તા.૦૬–૧૦–૨૦૧૩ |
| તા.૦૨–૦૫–૨૦૧૬ | ૯૦ ( કુલ ૪૯૦) | તા.૦૧–૦૫–૨૦૧૮ |
| તા.૩૦–૦૪–૨૦૧૮ | ૪૧૦ (કુલ ૯૦૦) | તા.૨૯–૦૪–૨૦૨૦ |

૪.૨ ઉપરોક્ત ૯૦૦ કેવીએ માથી ૫૩૦ કેવીએ કરવા માટે– સદર વીજજોડાણમાં ૩૭૦ કેવીએ વીજભાર ઘટાડા ની અરજી તા.૧૯–૦૧–૧૯ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ને પત્ર તા.૨૩–૦૧–૧૯ મુજબ જણાવાયેલ કે – કરારનામા ની શરત નં.–૩ (બી) " In the event of addition of contract demand on request of the consumer OR increase in contract demand on review by the Distribution Licensee as provided in the "Supply Code" notified by the Hon'ble GERC, the period of Agreement shall automatically be extended for further 2(two) years for entire contract demand from the date of effect of such additional Demand" મુજબ અને નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૧૦૨ મુજબ – ૦૨ વર્ષ થયેલ ન હોવાથી – હાલમાં વીજભાર ઘટાડો કરી શકાય નહી. પરંતુ,વીજભાર ઘટાડો કરવો હોય તો, તા.૩૦–૦૪–૧૯ પછી– હાલના લોડ ના ૧૦% ઘટાડાની અરજી કરી શકાય. સદર અરજદાર ની વીજભાર ઘટાડા ની અરજી રદબાતલ કરેલ છે.

૪.૩ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૧૦૨ મા કરાયેલ જોગવાઈ મુજબ ''If any Consumer terminates his Agreement within period of 2 years of that commencement of new or additional supply or where no formal Agreement is tendered, if the Supply is not utilized for the period of 2 years which would have been applicable if an Agreement has been tendered), he shall be liable to pay the minimum charges for each month short of the period of 2 years specified in the Agreement or the stipulated period of 2 years in absence of any formal Agreement. Reduction of load to the tune of 10% of the sanctioned load specified in the agreement (formal or informal) should be allowed after l(One) year after the date of the agreement without recovering minimum charge for such reduced load for the period short of the period of 2 years.''

૪.૪ સદર કેઈસ મા, ઉપરોક્ત સંજોગોમાં – અરજદાર દ્વારા કરાયેલ વીજભાર ઘટાડા ની અરજી તા. ૧૯–૦૧–૧૯ પીજીવીસીએલ પક્ષકાર ના પત્ર તા.૨૩–૦૧–૧૯ મુજબ રદબાતલ કરેલ છે, જે બાબત નિયમાધીન હોય, અરજદાર ની અરજી ગ્રાહય રાખવામા આવતી નથી.

૪.૫ સદર કેઈસ મા, મુદ્દા નં. ૪.૪ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| **(શ્રીમતી કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯